ક્રમાંક: જમન/૨૯-સી/બ/ 2631-32/૨૦૨૨-૨૩,
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી ની કચેરી,
ગુજરાત રાજ્ય, અરણ્ય ભવન બ્લોક નં. એ-૩
ચ-૩ સર્કલ સેન્ટ ઝેવિયર્સ સ્કુલ સામે,
સેકટર ૧૦, ગાંધીનગર, તા. 01 /૦૭/૨૦૨૨

**વિષય**:- Diversion of 0.4725 Ha. Protected Forest land in Village-Lothada, Ta.Dist.-Rajkot for laying Overhead Transmission Line & Construction of Road in morbid forest Division in favour of Shaileshbhai H.Parsana in Gujarat State.

સંદર્ભ: (૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: જમન/૨૯-સી/બ/૧૦૬૮-૬૯, તા.૩૦/૦૪/૨૦૨૨
(૨) મુખ્ય વન સંરક્ષકશ્રી, જુનાગઢ વન વર્તુળ, જુનાગઢના પત્ર ક્રમાંક:
અ/જમન/૧૬૧/ટે.૧૨/૫૧૬-૧૭, તા:૨૩/૦૬/૨૦૨૨

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પત્રો અન્વયે જણાવવાનું કે, યુઝર એજન્સી શૈલેષભાઈ એચ. પરસાણા, રહે.રાજકોટ ધ્વારા ઓવરહેડ ટ્રાન્સમીશન લાઈન અને કન્સ્ટ્રક્શન ઑફ રોડ માટે ૦.૪૭૨૫ હેક.ની માંગણી કરવામાં આવેલ છે. પ્રસ્તુત દરખાસ્ત બાબતે વન અને પર્યાવરણ વિભાગમાંથી નીચે જણાવ્યા મુજબના મુદ્દાઓ અંગે અહેવાલ સાદર કરવા સંદર્ભ-૧ થી સૂચના આપવામાં આવેલ, જે અનુસંધાને સંદર્ભ-૨ ના પત્રથી ફક્ત નાયબ વન સંરક્ષકશ્રી, મોરબીના પત્રની નકલ મોકલવામાં આવેલ છે, પરંતુ અત્રેની કચેરીના સંદર્ભ-૧ થી જણાવ્યા મુજબ વર્તુળ કચેરી ધ્વારા કોઈ સ્વયં સ્પષ્ટ અભિપ્રાય આપવામાં આવેલ **નથી**.

(૧) ટ્રાન્સમીશન લાઇન માટે વન જમીનની માંગણી સમજી શકાય પરંતુ રોડ અને તે પણ ૧૮.૦૦ મીટર પહોળાઇની માંગણી વ્યાજબી જણાતી નથી.

(૨) હયાત માલીકીની જમીનમાં અવર-જવરની સુવિધા અગાઉ અને હાલમાં પણ હોય જ, જેથી રોડની માંગણી માટે અત્યારના મુખ્ય માર્ગથી કનેક્ટીવીટી નકશા ઉપર દર્શાવીને વિગતો મંગાવેલ હોઇ પ્રાથમીક દ્રષ્ટીએ ૧૮.૦૦ મીટર પહોળા રોડની માંગણી વ્યાજબી જણાતી નથી.

જેથી યુઝર એજન્સી ધ્વારા માંગણી કરવામાં આવેલ વિસ્તારની મુખ્ય વન સંરક્ષકશ્રી ધ્વારા સ્થળ ચકાસણી કરી વન અને પર્યાવરણ વિભાગ ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દાઓ અંગે સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સાથેનો અહેવાલ સાદર કરવા વિનંતી છે.

( ડૉ. જયપાલ સિંહ )
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
જુનાગઢ વન વર્તુળ, જુનાગઢ

**નકલ રવાના**: નાયબ વન સંરક્ષકશ્રી, વન વિભાગ, મોરબી તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી થવા સારૂ.

E:\29 - C\Junagadh Circle\0.4725\Letter.docx